
વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

NOVEMBER-2024


# સ્વાનુભૂતિપ્રકાશ




પ્રકાશક :
**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

## પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની જન્મજયંતી (કાર્તિક પૂર્ણિમા)ના મંગલ અવસર પર તેમના ચરણોમાં  કોટિ કોટિ વંદન!!!









અહો સત્પુરુષના વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ.
સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર, પડતી વૃત્તિને સ્થિર રાખનાર
દર્શન માત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વરૂપપ્રતીતિ,
અપ્રમત્ત સંયમ, અને પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવનાં કારણભૂત
- છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી અનંત અવ્યાબાધ સ્વરૂપ
માં સ્થિતિ કરાવનાર. ત્રિકાળ જયવંત વર્તો.
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ||

www.shrimad.com

## પરમ કૃપાળુદેવના મંગલ હસ્તાક્ષર

# સ્વાનુભૂતિપ્રકાશ


વીર સંવત–૨૫૫૧ : અંક–૩૨૩, વર્ષ–૨૬, નવેમ્બર–૨૦૨૪



## પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી પ્રત્યે પૂજ્ય ગુરુદેવશ્રીના હૃદયોદ્ગાર

અનંતકાળથી આત્માના નામે સ્વચ્છંદ અને મતાગ્રહથી બધુંય બહારનું કર્યું છે, એટલે શ્રીમદે નિષ્કારણ કરુણાથી આત્માર્થી જીવોના હિત માટે આત્મસિદ્ધિ શાસ્ત્ર રચ્યું છે.

(પૃષ્ઠ સંખ્યા–૪૧)



*

શ્રીમદ્‌ને વર્તમાનમાં કોઈ ગુરુ નહોતા; પૂર્વભવના સંસ્કાર હતા. તે કહેતા હતા કેઃ અહો એ હૃદય, એ એકાંત સ્થળ, સત્પુરુષોનાં વૃંદ, સત્સમાગમ એને એ નિવૃત્તિનાં સ્થળો, જ્ઞાનીનાં વિહારસ્થાનો! તેમને ધન્ય છે. પ્રવૃત્તિમાં રહેતાં પણ તેમને એ વારંવાર યાદ આવતા હતા.

એ દુકાનમાં નહોતા બેઠા, પણ આત્મામાં (જ્ઞાનમાં) બેઠા હતા. તેમને પોતાના હૃદયમાં સત્ સમાગમનો મહાન આદર હતો. (પૃષ્ઠ સંખ્યા–૫૧)

*

સાચું અધ્યાત્મ શું? સૌરાષ્ટ્રમાં તેને યથાર્થ સમજાવનાર કોઈ હોય તો વર્તમાનકાળમાં શ્રીમદ્ રાજચંદ્ર હતા. ...શ્રીમદ્‌નું વિશાળ હૃદય અને ઉજ્જ્વળ અંતઃકરણ સમજનારે પાત્રતા કેળવવી પડશે.

(પૃષ્ઠ સંખ્યા–૬૧)

*

શ્રીમદે પોતે જ શિષ્યની જિજ્ઞાસાની આબેહૂબ રચના કરી છે, અને હૃદયમાં આરપાર ઊતરી જાય એવી હૃદયવેધક ભાષામાં સંવાદ રચ્યો છે. (પૃષ્ઠ સંખ્યા–૨૦૭)

*

શ્રીમદે એવી અપૂર્વ ઘટના કરી છે કે તેમાં કોઈ અંગ બાકી ન રહે. એવી રીતે સંક્ષેપમાં સાચું તત્ત્વ જાહેર કર્યું છે. અનંતકાળમાં જે અજ્ઞાનભાવે રખડવું થયું છે તે અજ્ઞાનરૂપ મૂળને જે ભાવે છેદ્યું તે ભાવે સદ્‌ગુરુને નમસ્કાર કરીને મંગળિક કર્યું છે. ગુજરાત સૌરાષ્ટ્રમાં આત્મતત્ત્વની આવી સ્પષ્ટ વાત ગુજરાતી

ભાષામાં કરી, અધ્યાત્મશાસ્ત્ર બનાવ્યું, તેથી ઘણો ઉપકાર ભવ્ય જીવોને થયો છે. હજારો જીવો તે કૃપા-પ્રસાદથી આત્મશાંતિની ભાવના સેવે છે. શ્રીમદે બાળવયે પૂર્વ જન્મના બળવાન સંસ્કાર વડે આત્માનો ભણકાર જાહેર કર્યો છે. તેમનું જીવનચરિત્ર ઘણું ઊંચું હતું. આત્મસિદ્ધિમાં ઘણું ઊંડું ઊંડું અધ્યાત્મતત્ત્વનું રહસ્ય ભર્યું છે. (પૃષ્ઠ સંખ્યા–૨૪૩)

*

એ સમર્થ પવિત્ર આત્માના (શ્રીમદ્‌ના) દેહની સ્પર્શના આ ભૂમિએ થઈ છે. તેઓ અનંત ભવનો અભાવ કરી ગયા છે. એ અપૂર્વ ભાવ કેવો હશે કે જે ભાવે અનંતભવનો અભાવ થઈ એક જ ભવ પછી મોક્ષ જવાના છે? (પૃષ્ઠ સંખ્યા–૨૪૫)

*

જે વાત (આત્મસ્વરૂપનો સાચો ન્યાય) અનંત જ્ઞાની સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા કહી ગયા છે તે જ વાત શ્રીમદ્ રાજચંદ્ર પણ કહી ગયા છે. (પૃષ્ઠ સંખ્યા–૨૮૫)

*

શ્રીમદ્ રાજચંદ્ર ઝવેરાતની દુકાન ઉપર બેઠેલા દેખાતા હતા છતાં ક્ષણે-ક્ષણે મોક્ષ સમીપ જતા હતા. લોકો બહારથી દેખે તો બીજું દેખાય. ગૃહસ્થવેશમાં જ્ઞાનીને ઓળખવા બાહ્યદૃષ્ટિ જીવોને મુશ્કેલ પડે છે. (પૃષ્ઠ સંખ્યા–૨૮૯)

*

જેણે આ પંચમકાળમાં સત્ ધર્મની જાહેરાત કરી, અને પોતે અનંત ભવનો છેડો કાઢી, એક જ ભવ બાકી રહે તેવી પવિત્ર દશા આત્માને વિષે પ્રગટ કરી તેવા પવિત્ર પુરુષનું અતિ અતિ બહુમાન થવું જોઈએ. તેમના જન્મ-દિવસની આજે જયંતિ છે, ધન્ય છે તેમને! હું ચોક્કસ કહું છું કે ગુજરાત-કાઠિયાવાડમાં (સૌરાષ્ટ્રમાં) વર્તમાનકાળમાં મુમુક્ષુ જીવોના પરમ ઉપકારી હોય તો તે શ્રીમદ્ રાજચંદ્ર છે. ગુજરાતી ભાષામાં આત્મસિદ્ધિ લખીને જૈનશાસનની શોભા વધારી છે. આ કાળમાં તેમના જેવા મહત્ પુરુષ મેં જોયા નથી, તેમના એકેક વચનમાં ઊંડું રહસ્ય છે. તે સત્સમાગમ વિના સમજાય તેમ નથી. (પૃષ્ઠ સંખ્યા–૩૯૨)

*

શ્રીમદ્‌નું જીવન સમજવા માટે મતાગ્રહથી–દુરાગ્રહથી દૂર રહી, એ પવિત્ર જીવનને મધ્યસ્થપણે જોવું જોઈએ, જ્ઞાનીની વિશાળ દૃષ્ટિના ન્યાયથી વિચારવું જોઈએ. તેમની ભાષામાં અપૂર્વ ભાવ ભર્યા છે, તેમાં વૈરાગ્ય, ઉપશમ, વિવેક, સત્સમાગમ બધું છે. બાળકથી માંડીને આધ્યાત્મિક સત્સ્વરૂપની પરાકાષ્ઠાને પહોંચેલા, ઊંડા ઊંડા ન્યાય, ગંભીર અર્થ તેમના લખાણમાં છે.

....તેમના અંતરમાં વીતરાગ શાસનની પ્રભાવના થાય, સનાતન જૈનધર્મ જયવંત વર્તે, એમ નિમિત્ત થવાની ઊંડાણમાં ભાવના હતી... (પૃષ્ઠ સંખ્યા–૩૯૨)

વળી હાલમાં શ્રી સમયસારજી પરમ આગમ શાસ્ત્ર વંચાય છે, તેની પ્રભાવના કરનાર પણ શ્રીમદ્ રાજચંદ્ર હતા. પોતાની હયાતીમાં જ તેમણે પરમશ્રુત પ્રભાવક મંડળની સ્થાપના કરી. તેમનો ઉદ્દેશ મહાન આચાર્યોનાં આગમ શાસ્ત્રો સંશોધિત કરીને છપાવવાનો હતો. તે મંડળે ઓગણીશ વર્ષ પહેલાં, એક હજાર સમયસારજી શાસ્ત્ર, આચાર્યવર કુંદકુંદભગવાન રચિત મહાસૂત્ર છપાવ્યું. એ શાસ્ત્ર (હાથે લખેલું) તેમના હાથમાં (લીંબડીમાં) જ્યારે પહેલવહેલું આવ્યું, ત્યારે બે પાનાં ફેરવતાં જ રૂપિયાની ભરેલી થાળી મંગાવી, જેમ હાથમાં હીરો આવ્યો તેની ઝવેરી પરીક્ષા કરે તેમ આખા જિનશાસનનું રહસ્ય શ્રી સમયસાર હાથમાં આવતાં જ, પૂર્વના સંસ્કારનો અપૂર્વભાવ ઉલ્લસ્યો, અને તે અપૂર્વ પરમાગમ શાસ્ત્ર લાવનાર ભાઈને શ્રીમદ્ ખોબો ભરીને રૂપિયા આપ્યા. એ પુસ્તક છપાય એવી તેમની ખાસ ઈચ્છા હતી. એ રીતે ઓગણીશ વર્ષ પહેલાં શ્રી સમયસારની પ્રભાવના તેમના મારફત થઈ. તે પરમાગમ શાસ્ત્રનો હાલ કાઠિયાવાડમાં સારા પ્રમાણમાં લાભ લેવાય છે. એ સમયસારજીના કર્તા શ્રી કુંદકુંદાચાર્ય દિગમ્બર (નગ્ન) મહાસમર્થ મુનિ હતા. તે આ કાળે જાતે મહાવિદેહ ક્ષેત્રમાં, સાક્ષાત્ ત્રિલોકનાથ સર્વજ્ઞ ભગવાન સીમંધર પ્રભુ પાસે ગયા હતા, ત્યાં તેમણે આઠ દિવસ સમવસરણ (ધર્મસભા)માં ભગવાનની વાણી સાંભળી. ત્યાંથી આવી સમયસાર ગ્રંથની શ્લોકબદ્ધ રચના કરી. તે સમયસાર શાસ્ત્રની આ કાળે, પ્રથમ જાહેરાત કરનાર શ્રીમદ્ રાજચંદ્ર છે, માટે તેમનો અનંત ઉપકાર છે, તેનો લાભ અત્યારે ઘણા ભાઈઓ-બહેનો લે છે, તે શ્રીમદ્નો જ ઉપકાર છે. હાલમાં તેની બે હજાર પ્રત ગુજરાતીમાં છપાય છે. તેનો લાભ લેનારને પણ શ્રીમદ્ ઉપકારી ગણાય. (પૃષ્ઠ સંખ્યા-૩૯૩)

*

**('આત્મસિદ્ધિશાસ્ત્ર' પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો માંથી..)**

---

**આવો ઉત્તમ યોગ ફરી ક્યારે મળશે? નિગોદમાંથી નીકળીને ત્રસપણું પામવું એ ચિંતામણી તુલ્ય દુર્લભ છે તો મનુષ્યપણું પામવું, જૈનધર્મ મળવો એ તો મહા દુર્લભ છે. પૈસો ને આબરુ મળવા એ કાંઈ દુર્લભ નથી. આવો ઉત્તમ યોગ મળ્યો છે, એ લાંબો કાળ નહીં રહે માટે વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું છે. આવો યોગ ફરીને ક્યારે મળશે? માટે તું મિથ્યાત્વને છોડવા એક વાર મરણિયો પ્રયત્ન કર. દુનિયાના માન-સન્માન ને પૈસાનો મહિમા છોડીને દુનિયા શું કહેશે તેનું લક્ષ છોડીને મિથ્યાત્વને છોડવા એક વાર મરણિયો પ્રયત્ન કર.**

-પૂજ્ય ગુરુદેવશ્રી
(પરમાગમસાર-૪૮૭)

## શિક્ષાપાઠ ૬૭
## અમૂલ્ય તત્ત્વવિચાર
### (હરિગીત છંદ)

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો ? ૧
લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નર દેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો !! ૨
નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શકિતમાન જેથી જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્દુઃખ તે સુખ નહીં. ૩
હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪
તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદ્રષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો. ૫

('શ્રીમદ્ રાજચંદ્ર'ગ્રંથમાંથી સાભાર ઉદ્ધૃત)

# પત્રાંક–૨૬૬


## (દોહરા)

જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ. ૧
જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ;
પ્રગટ અનુભવરૂપ છે, સંશય તેમાં કેમ? ૨
જો જડ છે ત્રણ કાળમાં, ચેતન ચેતન હોય;
બંધ મોક્ષ તો નહિ ઘટે, નિવૃત્તિ પ્રવૃત્તિ ન્હોય. ૩
બંધ મોક્ષ સંયોગથી, જ્યાં લગ આત્મ અભાન;
પણ નહિ ત્યાગ સ્વભાવનો, ભાખે જિન ભગવાન. ૪
વર્તે બંધ પ્રસંગમાં, તે નિજ પદ અજ્ઞાન;
પણ જડતા નહિ આત્મને, એ સિદ્ધાંત પ્રમાણ. ૫
ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત;
જીવ બંધન જાણે નહીં, કેવો જિન સિદ્ધાંત. ૬
પ્રથમ દેહ દ્રષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ;
હવે દ્રષ્ટિ થઈ આત્મમાં, ગયો દેહથી નેહ. ૭
જડ ચેતન સંયોગ આ, ખાણ અનાદિ અનંત;
કોઈ ન કર્તા તેહનો, ભાખે જિન ભગવંત. ૮
મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહિ, નહીં નાશ પણ તેમ;
અનુભવથી તે સિદ્ધ છે, ભાખે જિનવર એમ. ૯
હોય તેહનો નાશ નહિ, નહીં તેહ નહિ હોય;
એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય. ૧૦

('શ્રીમદ્ રાજચંદ્ર'ગ્રંથમાંથી સાભાર ઉદ્ધૃત)

# એક આશ્ચર્યની પ્રતિમા- શ્રીમદ્ રાજચંદ્ર!!

**(તેઓશ્રીની જન્મજયંતિએ પૂજ્ય ભાઈશ્રી દ્વારા ગુણનુવાદ)**





આજથી ૧૨૦ વર્ષ થયાં. ૨૦૪૪ ચાલે છે, ૧૨૦ વર્ષ થયાં. જ્યાં જ્યાં એમના હાથ નીચે ત્યાં તો લોકો (સમ્મુચય) ઉજવે છે. છેલ્લી શતાબ્દીમાં, ૧૯૨૦મી શતાબ્દીમાં મહાપ્રજ્ઞાવંત, વિશેષ નિર્મળ જ્ઞાનનો ઉઘાડ જેમને હતો, જેમના વચનો પત્રના આકારે રહી ગયા તોપણ હજારો જીવોનું ધ્યાન ખેંચાણું કે ચાલુ પરંપરાથી અને સંપ્રદાયથી એમનો વિષય કાંઈ જુદો છે, અથવા કોઈપણ પ્રકારની બાહ્ય ક્રિયા, મન-વચન-કાયાની, સંયમ આદિની બાહ્ય ક્રિયા અથવા શાસ્ત્રવાંચન આદિની બાહ્ય ક્રિયા – એ તમામ પ્રકારની બાહ્ય ક્રિયાથી અંતરંગ પરિણમન છે એ જુદી ચીજ છે. (એ તરફ ધ્યાન) બહુ સારી રીતે ખેંચ્યું છે. ચોવીસમાં વર્ષમાં જે કાવ્ય લખ્યું છે – 'યમ, નિયમ, સંયમ આપ કિયો; પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો.' એમાં બધી વાત લઈ લીધી છે. ત્યાગની, સંયમની, ધ્યાનની, પૂજાની, શાસ્ત્રવાંચનની બધી વાત લઈ લીધી છે.

બાહ્ય જીવોને અનાદિનો અજાણ્યો માર્ગ છે. જેમ આંધળો જીવ જોઈ પણ શકતો નથી, જેમ આંધળાને કઈ દિશામાં ચાલવું તે માંડ-માંડ (કોઈ બતાવે તો) ખબર પડે. એવી રીતે અનાદિ મિથ્યાદષ્ટિની (એવી સ્થિતિ છે.) તેથી કરીને એ અનંત અનંત દુઃખી (છે.) ત્રસ પર્યાયમાં તો બહુ મર્યાદિત કાળ છે. પરિભ્રમણ કરતા જીવનો અનંત કાળ તો નિગોદમાં જ જાય છે. નિગોદમાં જાય છે એટલે અનંત દુઃખમાં જાય છે. એવી પરિસ્થિતિ જોઈને નિષ્કારણ કરુણાથી, જેને કોઈ અપેક્ષા નથી, અંતરંગ જેને કોઈ સ્પૃહા નથી. એમણે માર્ગને બતાવ્યો છે, દર્શાવ્યો છે, સારી રીતે દર્શાવ્યો છે.

પૂર્વના કોઈ આરાધક જીવ હશે. વર્તમાનમાં ઘણો પુરુષાર્થ કર્યો છે. આયુષ્ય બહુ ઓછું લઈને આવેલા – ૩૩ વર્ષનું. જન્મથી ગણવામાં આવે તો ૩૩ વર્ષ ને પાંચ મહિને એમનો દેહાંત છે. એટલા ટૂંકા ગાળામાં ફક્ત એક ભવ બાકી રહે એટલી હદનો એમનો પુરુષાર્થ હતો.

'શ્રીમદ્ રાજચંદ્રજી'ની જન્મજયંતી છે ને ! બહુ નિર્મળ પરિણતિ લઈને વૈમાનિકદેવમાં ગયા છે. ત્યાંથી મનુષ્યક્ષેત્રમાં આવીને ચરમશરીર ધારણ કરીને નિર્વાણદશાને પ્રાપ્ત કરશે. મુનિદશા અંગીકાર કરશે, સંપૂર્ણ ચારિત્રની સિદ્ધિ થશે અને નિર્વાણદશાની પ્રાપ્તિ થશે. પોતાના નિર્મળજ્ઞાનમાં એમને એ ભાસ્યું છે. એક અંગત કાવ્યની અંદર એ વાત એમણે પ્રસિદ્ધ કરી છે. 'ધરીને એક જ દેહ જાશું સ્વરૂપ સ્વદેશ.' તેથી

વર્તમાન મુમુક્ષુ સમાજ ઉપર, હજારો માણસો ઉપર એમનો ઉપકાર વર્તે છે.

જે આત્મભાવો શબ્દો દ્વારા એમના પત્રોમાં પ્રસિદ્ધ થયા એનાથી હજારો જીવોને ઉપકાર થાય છે. અને સો વર્ષમાં તો ઘણાંએ આયુષ્ય પૂરા કર્યા. પણ નવા-નવા પણ ઘણાં એની અંદર (આવે છે). એ તો હંમેશા દુનિયા તો આવાગમનનો મેળો છે, કોઈ શાશ્વત તો છે નહિ. જૂના જાય છે, નવા આવે છે. જૂના જાય છે (અને નવા આવે છે.) શાસનના પુણ્ય અનુસાર એ બધું બને છે. કોઈ વિરલ જીવ છે એને એ ગોળી વાગે છે (ને) આત્મપ્રાપ્તિ કરી લે છે. એક સામાન્ય નિમિત્ત એને આત્મભાવનું બની જાય છે (અને) એનો બેડો પાર થઈ જાય છે. કદી પણ એવું નથી બનતું કે સંપ્રદાયમાં આવેલા બધા જીવોનો મોક્ષ થાય. એ તો તીર્થંકરદેવની ઉપસ્થિતિમાં પણ બન્યું નથી, બની શકતું પણ નથી. બહુ અલ્પ જીવો ભલે મોક્ષમાર્ગને પામે છે તોપણ સંખ્યાની એમાં કિંમત નથી, પામે છે એની જ બહુ મોટી કિંમત છે, એ જ બહુ મોટી વાત છે.

તેથી આજના દિવસના નિમિત્તે એમના નિર્મળ જ્ઞાનનો, નિર્મળ દર્શનનો, એમની સ્વતંત્ર પુરુષાર્થની યોગ્યતાનો સ્મરણ કરવાનો આ દિવસ છે. જે જ્ઞાનીને ઓળખે છે;... એ તો જ્ઞાની એમ કહેતા જ; જેમ સોનાને ઓળખે છે એમ સોનું કહેતા જ વર્ણન કરવાની જરૂર નથી કે આમાંથી દાગીના બને, ને આ પીળું હોય, ને આ ચળકતું હોય એ કાંઈ જરૂર નથી. નામ પડતા જ જેમ એની કિંમત આવે છે. એમ કોઈપણ જ્ઞાનીનું એ રીતે નામ પડતા જ એનો મહિમા અને એનું મુલ્ય સમજાય છે.

ગૃહસ્થદશામાં કોઈ વિશેષ ભાવના એમણે વ્યક્ત કરી હોય તો 'અપૂર્વ અવસર' છે. હમણાં એક પુસ્તક પ્રસિદ્ધ થયું, એક ભાઈએ કર્યું છે. વૈરાગ્ય ભાવનામાં અપૂર્વ અવસરના પ્રવચનો પાછળ લીધા છે. ૭૯મી સાલમાં થયેલા 'ગુરુદેવ'ના પ્રવચનો છે. ૭૯ની સાલમાં. ૭૯ની સાલમાં. બહુ જુના પ્રવચનો શરૂઆતના, શૈલી થોડીક, એ વખતની શૈલી થોડીક જુદી દેખાય છે. વારંવાર એમ કહે છે કે, ગૃહસ્થદશામાં આવા ભાવ તો કોઈ લાવો !! એટલે કે ગૃહસ્થદશામાં શું, મુનિદશામાં હોય પણ બાહ્ય વેશમાં આવા ભાવ જોવામાં આવતા નથી. એ ગૃહસ્થમાં ઝવેરાતનો ધંધો કરતાં કરતાં આ પરિણામ થયા છે એમને !! કેટલી અંતરંગમાં ભાવના વિશેષ રસવાળી હશે કે જે કાવ્યરૂપે જેનો પ્રવાહ થઈને બહાર આવી !! એને ભાવમાં કેટલી ભાવના રહી હશે !! વિચાર માંગે એવો વિષય છે.

એટલે એમ કહેવું છે કે, જેને જ્ઞાની થવું છે અને જે જ્ઞાની થયા છે એને આવા ભાવ હોય છે. કોઈ પ્રદર્શિત થાય, કોઈને એવા પ્રદર્શિત ભલે ન થાય પણ એ દશામાં એ જ ભાવના, એવી જ ભાવના હોય છે અને એવી ભાવનાવાળા જ એ દશાને પ્રાપ્ત થાય છે. એ વાત પણ એમાંથી સ્પષ્ટ થાય છે, પ્રસિદ્ધ થાય છે. એ અસાધારણ વિષય લીધો છે. મારી મુનિદશા આવી હોય. મારો સમભાવ આવો હોય, ક્રોધ-માન-માયા-લોભના પરિણામને વિશે મારી પ્રવર્તના આવી હોય. એ દશામાંથી આગળ વધીને હું એક એક ગુણસ્થાન ચડીને અરિહંતદશા સુધી પ્રાપ્તિમાં આવું અને શૈલેષીકરણની છેલ્લી અવસ્થાથી પછી આગળ મોક્ષમાં જાઉં. પુરુષાર્થ તો એ અનંતો પુરુષાર્થ છે, અને અત્યારે એટલો પુરુષાર્થ ચાલતો નથી પણ એ મારા

મનોરથનો વિષય છે એમ કરીને ભાવનમાં આવે છે. એક એમનું અનોખું સ્થાન એ દૃષ્ટિએ છે, અનોખું સ્થાન છે એમનું.

ચાલું વિષય લઈએ. ચાલતો અધિકાર છે 'બહેનશ્રીનાં વચનામૃત ગ્રંથમાં બોલ- ૨૧૩, પાનું ૭૩ છે.

મુમુક્ષુ : આવા મહાપુરુષને યાદ કે સ્મરણ કરવાથી અમારું શું પ્રયોજન હોય શકે ?

પૂજ્ય ભાઈશ્રી : એવી મહાનતા, એવા ગુણ, એવી દશા પ્રાપ્ત કરવાની પ્રથમ તો ભાવના થાય. એમના સ્મરણના નિમિત્તે એવી દશા મને પણ પ્રાપ્ત હો એવી ભાવના થાય. અને એમણે જે કાંઈ કહ્યું છે, એમનો જે સત્‌સ્વરૂપ સંબંધીનો ઉપદેશ છે અને સત્‌ને પામવા સંબંધીનું જે માર્ગદર્શન છે એના ઉપર ઉપયોગ જાય, જ્ઞાનની પ્રવૃત્તિ મુખ્યપણે થાય, માત્ર બહુમાનનો રાગ કરીને બેસી રહેવાનો પ્રશ્ન નથી, પણ જ્ઞાનની પ્રવૃત્તિ થાય તે મુખ્ય વાત છે અહીંયાં.

હિત–અહિતની દૃષ્ટિએ વિચારવામાં આવે તો સત્પુરુષના ગુણગ્રામ છે એ દર્શનમોહના રસને તોડવાનું, તૂટવાનું કારણ છે, ગળવાનું કારણ છે. એટલે એમના કોઈપણ જન્મદિવસ કે કોઈપણ બહાને એમના ગુણગ્રામ જ્યાં ગાવામાં આવે છે તો એ ભાવનામાં દર્શનમોહ પણ ગળે છે; તેથી કરીને એમણે પોતે તો કોઈ વક્તા અથવા વાંચનકારને જ્યાં માર્ગદર્શન આપ્યું છે ત્યાં સુધી એમણે એ કહ્યું છે કે હજી જ્યાં સુધી સમ્યક્‌દર્શન અને સમ્યક્‌જ્ઞાન પ્રગટ થયું નથી ત્યાં સુધી તારું જ્ઞાન પારમાર્થિક વિષયને નિજ સ્વરૂપને સ્પર્શ્યું નથી, એ વિષયમાં તું હજી અજાણ્યો છો, તો જે વિષયમાં તું અજાણ્યો છો એ વિષયમાં તું શું કરી શકીશ ? શાસ્ત્રની વાંચેલી કે કોઈની સત્પુરુષની ધારેલી વાત કહીશ તોપણ મૂળમાં એનો તો માર્ગ તો જોયેલો નથી. તો એ કેવી રીતે તું બીજાને બતાવી શકીશ ? તેં જોયું નથી એ તું બીજાને કેવી રીતે બતાવી શકીશ ? આ તો સ્પષ્ટ પરિસ્થિતિ છે. ધારણા એ કોઈ ચીજ નથી, વસ્તુ નથી. તો પછી જ્ઞાન થયા પહેલા શાસ્ત્રવાંચનનો ઉદય હોય એવા જીવે શું કરવું ? કે મુખ્યપણે એણે સત્પુરુષના ગુણગ્રામ કરવા, એવું માર્ગદર્શન આપ્યું છે. ભક્તિએ ચડી જવાનો વિષય નથી, એ દર્શનમોહને ગાળવાનો વિષય છે એમાં, તત્ત્વ છે એની અંદર. કહેવા પાછળ ભક્તિએ ચડાવી દેવું છે એવી વાત નથી. કે વ્યક્તિપૂજાએ ચડાવી દેવું છે એવી વાત પણ નથી. પણ એ સત્પુરુષના ગુણગ્રામ છે એ ખરેખર દર્શનમોહને ગળવાનું કારણ છે એમ જાણીને એની પાછળનો પરમાર્થ શું છે ? એ વાત એમણે ગૂઢ રાખી છે.

૭૫૧માં તો એ વાત (પણ) ખોલી છે એમણે. સમ્યક્‌દર્શનનું કારણ લીધું છે. પાત્રતામાં પણ એ પાત્રતાનો મુખ્ય વિષય લીધો છે. ધ્યાન આપે તો ઘણી જગ્યાએ એવી વાત નીકળે છે. એ વિષય બહુ સ્પષ્ટ છે કે, દર્શનમોહનો રસ ગળે, એની શક્તિ ગળે; રસ ગળે એટલે દર્શનમોહની મિથ્યાત્વની–મિથ્યાત્વ કર્મની (અને) મિથ્યાત્વના પરિણામની બન્નેની વાત છે. શક્તિ ગળે ત્યારે એને વર્તમાન જ્ઞાનમાં સ્વરૂપ નિશ્ચય કરવા અર્થે જે યોગ્યતા જોઈએ, જે નિર્મળતા જોઈએ, જે ક્ષમતા જોઈએ તેની પ્રાપ્તિ થાય છે. દર્શનમોહની તીવ્રતામાં કદી સ્વરૂપ નિશ્ચય થઈ શકતો નથી કે જે સમ્યક્ સન્મુખતાનું કારણ થાય. એ અહીંયાંથી થાય છે–

દર્શનમોહ ગળે ત્યારે સ્વરૂપ નિશ્ચય થાય છે. એટલા માટે જ્ઞાનીનો સંગ કરનાર, જ્ઞાનીના ચરણમાં રહેનાર જલ્દી પામે છે. એનું કારણ એ છે કે એનો દર્શનમોહ ગળેલો છે, એ કારણ છે.

'ગુરુદેવશ્રી' એ માર્ગદર્શન તો આપ્યું છે. 'ધન્ય અવતાર' પુસ્તિકામાં એ વિષય સ્પષ્ટ, બહુ જોરથી એ વિષયને સ્થાપિત કર્યો છે પોતે. ભલે કાર્ય–કારણની ત્યાં ચર્ચા ન કરી હોય પણ આદેશ કહો, ફરમાન કહો, આજ્ઞા કહો એ તો સ્પષ્ટ જ છે.

**(પ્રવચનાંશ...બહેનશ્રીના વચનામૃત પ્રવચન નં-૧૭૨ શરૂઆતમાં..)**

---

## કરુણાસાગર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની ૯૨મી જન્મ જયંતી પ્રસંગે ધાર્મિક કાર્યક્રમ

મુમુક્ષુજીવોના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની આગામી ૯૨મી જન્મ જયંતી માગશર સુદ-૩, તા. ૦૪-૧૨-૨૦૨૪ થી માગશર સુદ-૮, તા. ૦૮-૧૨-૨૦૨૪ પર્યંત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે મંડલ વિધાન પૂજન, પૂજ્ય ભાઈશ્રીનાં ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિડીયો સી.ડી. તત્ત્વચર્ચા, ભક્તિ, સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવશે. તથા તા. ૦૭-૧૨-૨૦૨૪ના દિવસે જિનેન્દ્ર રથયાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવશે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુએ ટ્રસ્ટના કાર્યાલયમાં અગાઉથી સૂચના આપવા વિનંતી છે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

**સંપર્કઃ શ્રી રાજેન્દ્રભાઈ જૈન, મો. ૯૮૨૫૧૫૫૦૬૬**

**કાર્યક્રમ સ્થળ : 'શ્રી શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર' પ્લોટ નં. ૧૯૪૨બી, શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે, ભાવનગર-૩૬૪૦૦૧**

## આભાર

**'સ્વાનુભૂતિપ્રકાશ' (નવેમ્બર-૨૦૨૪, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ**
**૧) શ્રી નીરવભાઈ ડી. વોરા, ભાવનગર તથા**
**૨) શ્રી પરમ હેમંતભાઈ શાહ મુંબઈ**
**તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.**

# વીર નિર્વાણકલ્યાણક દિન- 'દીપાવલી'નું મહત્ત્વ

## -પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



ભગવાન મહાવીર ચરણકમળ

આજે વીર નિર્વાણ કલ્યાણકનો દિવસ છે. આજે આ દિવસ છે એ ભૂતનૈગમનયથી કહેવામાં આવે છે. આમ તો ભગવાન ૨૫૦૦ ઉપરાંત વર્ષ પહેલાં સિદ્ધાલયમાં પધાર્યા. 'પાવાપુરી'થી સિદ્ધાલયમાં ગમન કર્યું એ આજનો પરોઢનો દિવસ છે. ૨૫૦૦ વર્ષ પછી અથવા કોઈક કાળ પછી ભૂતનૈગમનયથી આજનો એ દિવસ છે એવું કહેવાય છે, આજે દિવસ છે એમ કહેવાય છે. ભૂતકાળની ઘટનાને કથનની અંદર વર્તમાનવત્ કહેવી એ ભૂતનૈગમનયનું કથન થયું.

એવી જ રીતે ભાવિની ઘટનાને વર્તમાનવત્ કહેવી-જેમકે 'ગુરુદેવ'ના વિષયમાં આપણે એમ કહીએ છીએ કે, 'ગુરુદેવ' 'સૂર્યકીર્તિનાથ' ભગવાન છે. ચોવીસ સાગર પછી 'સૂર્યકીર્તિ' ભગવાન થશે, એ 'છે' એમ કરીને સ્થાપીએ છીએ એ ભાવિનૈગમનયનો વિષય છે.

('મહાવીર' ભગવાનને) કેવળજ્ઞાન તો (નિર્વાણના) ત્રીસ વર્ષ પહેલાં થયું હતું. ત્રીસ વર્ષ સુધી એમણે સમવસરણમાં દિવ્યધ્વનિને પ્રકાશી અને આજના દિવસે સિદ્ધાલયમાં ગમન કર્યું ત્યારે ઈન્દ્ર આદિ દેવોએ આવીને એ ઉત્સવને ઉજવ્યો. આ જ દિવસે ભગવાન સિદ્ધાલયમાં ગયા અને આ જ દિવસે 'ગૌતમ ગણધર સ્વામી' કેવળજ્ઞાનને પામ્યા. શ્વેતાંબરમાં થોડી ગડબડવાળી વાત આવે છે કે, ગણધર ભગવાન 'ગૌતમસ્વામી'ને બહુ દુઃખ થયું, રડવા લાગ્યા, ચોધાર આંસુએ રડે છે ! મુનિરાજને એવા લૌકિક પરિણામ હોતાં નથી. અલબત્ત વર્તમાન તીર્થંકર ભગવાનનો વિયોગ થાય છે એનો ખ્યાલ આવે છે, તોપણ એ પ્રસંગ છે એ કલ્યાણનો પ્રસંગ છે. બીજા જીવોને એ કલ્યાણમાં નિમિત્તભૂત થાય છે તેથી એને 'કલ્યાણક' એમ કહેવાય છે. કલ્યાણકનો અર્થ છે - કલ્યાણ કરનાર! જે કલ્યાણ કરે તેને 'કલ્યાણક' કહેવાય. કલ્યાણમાં નિમિત્ત થાય તેને 'કલ્યાણક' કહેવાય. આ પ્રસંગ પણ બીજાં જીવોને આત્મહિતમાં-કલ્યાણમાં નિમિત્ત થાય છે. 'ગૌતમ' ગણધર ભગવાનને તો આ દિવસે કેવળજ્ઞાન ઊપજેલું છે.

તેમની વાણીમાંથી ત્યારપછી અનેક આચાર્ય ભગવંતોએ સત્શાસ્ત્રોની રચના કરી છે. એ જ શાસ્ત્રોમાંથી રહસ્ય કાઢીને 'ગુરુદેવશ્રી'એ આપણને સૌને આપ્યું છે. એ જ આ વાણી છે કે જે 'ગુરુદેવે' પ્રસિદ્ધ કરી છે. 'સીમંધર ભગવાન'ની વાણી કહો કે 'મહાવીરસ્વામી ભગવાન'ની વાણી કહો, બધું એક છે. કોઈ જુદી-જુદી વાત એમાં હોતી નથી.

એક સરખું આત્મહિતનું રહસ્ય એમાં પ્રકાશમાન થાય છે. એ વાણી તો અનંત રહસ્યને લઈને આવે છે. એ જ રીતે 'ગુરુદેવ'ની વાણી પણ સાતિશય હતી અને એની અંદર પણ અતિશય રીતે–સઅતિશય રીતે તત્ત્વનો પ્રકાશ થયો છે અને અનેક જીવોને આત્મહિતમાં એ કલ્યાણકારી થઈ છે અને થશે. એવો આ મહાન દિવસ છે ! આજે પર્વનો દિવસ, નિર્વાણકલ્યાણકનો દિવસ, ઉત્સવના દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

એ વખતે તો જૈનધર્મનો વૈભવ ઘણો હતો. બીજી સંખ્યા ઓછી હતી. જ્યારે ભગવાન બિરાજમાન હોય ત્યારે તીર્થપ્રવૃત્તિ એટલી બધી વિશાળ પ્રમાણમાં હોય છે કે બીજાં અન્યમતવાળા ઓછા હોય છે. એટલે બધાં પણ સાથે-સાથે જોડાય છે. સામાન્ય રીતે ઊંચા પુણ્યવાળાની સાથે નીચા પુણ્યવાળા જોડાય છે. કેમકે એને મતલબ હોય છે એટલા માટે. એટલે બધાં આ દિવસોમાં તો ખુદ ઈન્દ્રોએ આવીને દીવાઓ કર્યાં ! નિર્વાણકલ્યાણકને દિવસે દીપમાળાઓ પ્રગટાવી એટલે એ દિવાળી કહેવાણી. મૂળ શબ્દ તો 'દીપાવલી' છે. આવલી એટલે સમૂહ. એટલા બધાં દીવાનો સમૂહ હતો કે, આ દિવસને 'દીપાવલી મહોત્સવ' કહેવામાં આવે છે. એના ઉપરથી અપભ્રંશ થયો–દિવાળી. અને અંદર જે આત્માના અસંખ્ય પ્રદેશે જ્ઞાનના દીવા પ્રગટે તે સમ્યક્ત્વરૂપ દિવાળી છે, સ્વસંવેદનરૂપ દિવાળી છે !! 'ગૌતમ ગણધર ભગવાને' કેવળજ્ઞાનની દિવાળી ઉજવી ! બીજાં અનેક જીવોએ સમ્યક્ત્વ આદિ પ્રાપ્ત કરીને અસંખ્ય પ્રદેશે જ્ઞાનની દિવાળી ઉજવી ! એ ખરી દિવાળી છે. એ રીતે ખરી દિવાળી તો એ છે. આ ફટાકડા ફૂટે એ દિવાળી નથી. આ તો બધું હિંસાનું કારણ છે. અનેક જીવો વાતાવરણમાં હોય છે જે એની ગંધ માત્રથી મરી જાય છે. પણ એ પછી બીજાં લોકો જોડી દે છે.

આમ તો દેવોએ, ઈન્દ્રો વગેરે આવીને અનેક દીવાઓ આ વખતે પ્રજ્વલિત કરેલાં અને સાધકોએ અંદરમાં જ્ઞાન-દીવાઓ પ્રજ્વલિત કરેલા !! એટલે આ અવસરને દિવાળીના અવસરથી આજે ૨૫૦૦ વર્ષ પછી પણ ઉજવવામાં આવે છે. આજનો મહાન દિવસ છે.

**(પ્રવચનાંશ...શ્રી 'અધ્યાત્મ સુધા' ભાગ - ૧, પાના નં.- ૧)**

---

**(પાના નં ૧૪થી આગળ...)**

હાલમાં શ્રી કહાનગુરુદેવ શાસ્ત્રોનાં સૂક્ષ્મ રહસ્યો ખોલીને મુક્તિનો માર્ગ સ્પષ્ટ રીતે સમજાવી રહ્યા છે. તેઓશ્રીએ પોતાનાં સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા તત્ત્વ પ્રકાશી ભારતને જાગૃત કર્યું છે. ગુરુદેવનો અમાપ ઉપકાર છે. આ કાળે આવા માર્ગ સમજાવનાર ગુરુદેવ મળ્યા તે અહોભાગ્ય છે. સાતિશય ગુણરત્નોથી ભરપૂર ગુરુદેવનો મહિમા અને તેમનાં ચરણકમળની ભક્તિ અહોનિશ અંતરમાં રહો. ૪૩૨

**('બહેનશ્રીનાં વચનામૃત'માંથી સાભાર ઉદ્ધૃત)**

# વીરનિર્વાણકલ્યાણક દિને પ્રવાહિત પૂજ્ય બહેનશ્રીના હૃદયોદ્ગાર!!



પ્રશ્ન :– આજે વીરનિર્વાણદિનપ્રસંગે કૃપા કરી બે શબ્દ કહો.

ઉત્તર :– શ્રી મહાવીર તીર્થાધિનાથ આત્માના પૂર્ણ અલૌકિક આનંદમાં અને કેવળજ્ઞાનમાં પરિણમતા હતા. આજે તેમણે સિદ્ધદશા પ્રાપ્ત કરી. ચૈતન્યશરીરી ભગવાન આજે પૂર્ણ અકંપ થઈને અયોગીપદને પામ્યા, ચૈતન્યગોળો છૂટો પડી ગયો, પોતે પૂર્ણ ચિદ્રૂપ થઈ ચૈતન્યબિંબરૂપે સિદ્ધાલયમાં બિરાજી ગયા; હવે સદાય સમાધિસુખાદિ અનંત ગુણોમાં પરિણમ્યા કરશે. આજે ભરતક્ષેત્રમાંથી ત્રિલોકીનાથ ચાલ્યા ગયા, તીર્થંકરભગવાનનો વિયોગ થયો, વીરપ્રભુના આજે વિરહ પડ્યા. ઇન્દ્રોએ ઉપરથી ઊતરીને આજ નિર્વાણમહોત્સવ ઊજવ્યો. દેવોએ ઊજવેલો તે નિર્વાણકલ્યાણક મહોત્સવ કેવો દિવ્ય હશે! તેને અનુસરીને હજુ પણ લોકો દર વર્ષે દિવાળીદિને દીપમાળા પ્રગટાવીને દીપોત્સવીમહોત્સવ ઊજવે છે.

આજે વીરપ્રભુ મોક્ષ પધાર્યા. ગણધરદેવ શ્રી ગૌતમસ્વામી તરત જ અંતરમાં ઊંડા ઊતરી ગયા અને વીતરાગદશા પ્રાપ્ત કરી કેવળજ્ઞાનને પામ્યા. આત્માના સ્વક્ષેત્રમાં રહીને લોકાલોકને જાણનારું આશ્ચર્યકારક, સ્વપરપ્રકાશક પ્રત્યક્ષજ્ઞાન તેમને પ્રગટ થયું, આત્માના અસંખ્ય પ્રદેશોમાં આનંદાદિ અનંત ગુણોની અનંત પૂર્ણ પર્યાયો પ્રકાશી નીકળી.

અત્યારે આ પંચમ કાળે ભરતક્ષેત્રમાં તીર્થંકર ભગવાનના વિરહ છે, કેવળજ્ઞાની પણ નથી. મહાવિદેહક્ષેત્રમાં કદી તીર્થંકરનો વિરહ પડતો નથી, સદાય ધર્મકાળ વર્તે છે. આજે પણ ત્યાં ભિન્ન ભિન્ન વિભાગમાં એક એક તીર્થંકર થઈને વીશ તીર્થંકર વિદ્યમાન છે. હાલમાં વિદેહક્ષેત્રમાં પુષ્કલાવતીવિજયમાં શ્રી સીમંધરનાથ વિચરી રહ્યા છે અને સમવસરણમાં બિરાજી દિવ્યધ્વનિનાં ધોધ વરસાવી રહ્યા છે. એ રીતે અન્ય વિભાગોમાં અન્ય તીર્થંકર ભગવંતો વિચરી રહ્યા છે.

જોકે વીરભગવાન નિર્વાણ પધાર્યા છે તોપણ આ પંચમ કાળમાં આ ભરતક્ષેત્રે વીરભગવાનનું શાસન પ્રવર્તી રહ્યું છે, તેમનો ઉપકાર વર્તી રહ્યો છે. વીરપ્રભુના શાસનમાં અનેક સમર્થ આચાર્યભગવંતો થયા જેમણે વીરભગવાનની વાણીનાં રહસ્યને વિધવિધ પ્રકારે શાસ્ત્રોમાં ભરી દીધાં છે. શ્રી કુંદકુંદાદિ સમર્થ આચાર્યભગવંતોએ દિવ્યધ્વનિનાં ઊંડાં રહસ્યોથી ભરપૂર પરમાગમો રચી મુક્તિનો માર્ગ અદ્ભુત રીતે પ્રકાશ્યો છે.

(અનુસંધાન પાના નં ૧૩...)



## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી 'માર્ગદર્શન' સંબંધિત પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

પ્રશ્ન : અનુભવ થયા પછી પરિણામમાં મર્યાદા આવી જાય છે ને ? વિવેક થઈ જાય છે ને ?

ઉત્તર : વિવેકની વાત એક બાજુ રાખો. એકવાર વિવેકને છોડી દો (પર્યાયની સાવધાની છોડી દો) પરિણામમાત્ર હું છું જ નહિ, હું તો અવિચળ ખૂંટો છું. મારામાં ક્ષણિક અસ્તિત્વ છે જ નહિ. વિવેકને બહાને પણ જીવ પરિણામમાં એકત્વ કરે છે. (૬૮)

*

વિચાર મંથન પણ થાકી જાય, શૂન્ય થઈ જાય, ત્યારે અનુભવ થાય છે. મંથન પણ છે તો આકુળતા. એકદમ તીવ્ર ધગશથી અંદરમાં ઉતરી જવું જોઈએ. (૭૨)

*

બસ એક જ વાત છે કે 'હું ત્રિકાળી છું' એમ જામી રહેવું જોઈએ. પર્યાય થવાવાળી થાઓ–યોગ્યતાનુસાર થઈ જાય છે. હું તેમાં જતો નથી. ક્ષયોપશમ હોય, ન હોય, યાદ રહે, ન રહે, પરંતુ અસંખ્ય પ્રદેશમાં વ્યાપક થઈ જવું જોઈએ. (૮૧)

*

કંઈ કરે નહિ તો ગમે નહિ તેવી ટેવ (કર્તાબુદ્ધિ) થઈ ગઈ છે. પરંતુ કંઈ કરે તો ગમે નહિ એમ હોવું જોઈએ. (૮૪)

*

જ્યાં સુધી ડૂબકી અંદરમાં (આત્મામાં) નથી મારતો ત્યાં સુધી પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. (૮૬)

*

ખરેખર વાત તો એમ છે કે સાંભળવાથી જે મહિમા આવે છે, તે નહિ, પણ અંદરથી સહજરૂપે (સ્વનું) મહાત્મ્ય આવવું જોઈએ. (બહારમાં) તીવ્ર થાક લાગે તો અંદરથી જ આવે છે. (૧૦૨)

*

શ્રવણ વાંચન આદિ તો બધી ઉપર ઉપરની વાત છે. અંદરથી સહજરૂપ (ભાવ) આવવો જોઈએ. (૧૦૪)

*



# સુખપ્રાપ્તિનો એકમાત્ર ઉપાય-ભેદજ્ઞાન!!

## –પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

અનાદિકાળથી રાગ અને રાગના વિષયમાં મમત્વ કરેલું હોવાથી અને અત્યારે પણ એ કરતો હોવાથી એ મમત્વ છોડવું એને કઠણ લાગે છે. પરંતુ વાસ્તવિકતા વિચારે તો એ મમત્વમાં દુઃખ છે અને આકુળતા છે અને જુદું પડતાં સુખ અને શાંતિ છે. ભેદજ્ઞાન કરવામાં કોઈ દુઃખ નથી, ઊલટાનું ભેદજ્ઞાન કરવામાં સુખ છે. પણ મમત્વ ઘણું કર્યું છે, ઘણાં રસથી કર્યું છે, ઘણાં કાળથી કર્યું છે એટલે જેના ઉપર એણે મમત્વ કર્યું છે એ પદાર્થથી જુદાં પડતાં (એટલે કે) ભાવે જુદાં પડતાં, દ્રવ્યે તો જુદાં જ છે, પણ ભાવથી જુદાં પડતાં એને દુઃખ થાય છે કે, આ બધું મારું નહિ ? આ બધાં ઉપરની મારાપણાંની લાગણી છોડી દેવાની ? એવું એને થાય છે. પણ એ મારાપણું કરતાં તને દુઃખ થાય છે કે સુખ થાય છે એનો જીવે યથાર્થ વિચાર કર્યો નથી.

મારાપણાંની મીઠાશમાં એણે દુઃખ હોવા છતાં સુખ માન્યું છે અને એમાંથી ભિન્નપણું કરતાં સુખ છે. પણ એને એમ થાય છે કે, આ મારું છૂટી જશે તો ? આમાં મારાપણું છૂટી જશે તો ? (પણ એ) ખોટો ભય છે. એવો ભય કર્તવ્ય નથી. તું મારાપણું કર તોપણ એ જગતનો જુદો પદાર્થ છે અને જેમ છે તેમ ભિન્નપણું જાણ તોપણ એ પદાર્થ જે છે તે જુદો તે જુદો જ છે. તારા માનવા–નહિ માનવાથી પદાર્થમાં કોઈ ફરક પડતો નથી.

મુમુક્ષુ : ખાલી કલ્પના જ છે કે મારું છે.

પૂજ્ય ભાઈશ્રી : માત્ર કલ્પના, કેવળ કલ્પના, જૂઠી કલ્પના (છે). એણે અવિદ્યાથી જૂઠો આનંદ માન્યો છે. 'અનુભવ પ્રકાશ'માં એ લીધું છે કે, અવિદ્યાથી જૂઠો આનંદ માન્યો છે. જૂઠમાં આનંદની કલ્પના કરી છે. જેમ બાળક ખોટું–ખોટું હસે તો એ એના જેવું છે. ખરેખર આત્મામાં તો કાંઈ આવતું નથી. તપાસે તો (ખબર પડે કે) એ આનંદનું કારણ એવું કોઈ આત્મામાં સ્પર્શતું નથી, આત્મામાં પ્રવેશતું નથી, આત્મા સાથે કોઈ સંબંધ થતો નથી.

(અહીંયાં કહે છે કે) એવી ભેદજ્ઞાનની ધારાએ ઊપડે 'આ એક ધારાએ ઊપડે...' એમ કહીને એમ કહેવું છે કે, સતત ભેદજ્ઞાન થવું જોઈએ. કેમકે (વિપરીત) પરિણમન સતત છે તો ભેદજ્ઞાન પણ સતત જ થવું જોઈએ. એવી ધારાએ ઊપડે તો એમાં કાર્યસિદ્ધિ થાય (એટલે કે) એમાં સુખ–શાંતિ થાય. 'બનારસીદાસે' તો ભેદજ્ઞાનમાં આવેલા જીવોને નમસ્કાર કર્યા છે. પોતે સમ્યક્દૃષ્ટિ છે તો કહ્યું

કે 'ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ, શીતલ ચિત્ત ભયો જિમ ચંદન' (અર્થાત્) એનું ચિત્ત તો શીતળ... શીતળ... શીતળ... થઈ ગયું. ભેદજ્ઞાનથી કાંઈ દુઃખ નથી થયું. ભેદજ્ઞાનથી તો પરિણમનમાં, ચિત્ત એટલે પરિણમનમાં શાંતિ થઈ છે. એવી એની દશા જોઈને, એની શાંત દશા જોઈને (કહે છે કે) 'શાંત દશા તિનકી પહિચાની' ઓળખીને, કોઈએ કહ્યું છે માટે નહિ. પોતે ઓળખીને પહેચાન કરીને 'કરે કર જોડી બનારસી વંદન' હું 'બનારસીદાસ' તો એને હાથ જોડીને બે હાથ જોડીને નમસ્કાર કરું છું, વંદન કરું છું.

આમ એક ધારાએ ઊપડે તો અવશ્ય કાર્યસિદ્ધિ થાય 'પણ પોતે ઊંડો ઊતરતો જ નથી,...' શું કહેવું છે ? આ એક ઊંડા ઊતરવાનો વિષય છે. 'જ્ઞાન તે હું છું' અથવા 'જ્ઞાયક તે હું છું' (એમ) પોતાની હયાતીને,પોતાના અસ્તિત્વને વ્યક્ત વેદનથી પકડીને ગ્રહણ કરીને ત્યાં ઊંડા ઊતરવાનું છે. એ એક જ એના કાર્યનું ક્ષેત્ર છે, કાર્યનો ભાવ છે અને ત્યાંથી એને ખરેખર દૂર જવાની જરૂર નથી.

જેમ પાપ કરતા પુણ્યના ઉદયમાં જીવ ફસાય છે એમ એથી વધારે ફસાય છે જ્ઞાનના ક્ષયોપશમમાં. આ સૌથી વધારે મોટી ફસાવાની જગ્યા છે. તિર્યંચ પ્રાપ્ત કરે છે એનું એક કારણ એ પણ છે કે, ઉઘાડ નહિ હોવાથી એનું જ્ઞાન ઈધર–ઉધર બીજે ક્યાંય રસ લેતું નથી. આ જીવનું જ્ઞાન ઉઘાડવાળું હોય ત્યારે અનેક પર વિષયની અંદર રસ લઈને ઝંપલાવે છે. એટલે એને જે એક જગ્યાએ ઊંડા ઊતરવું જોઈએ જ્ઞાનમાં જ હુંપણું કરીને ઊંડા ઊતરવું જોઈએ.

*

(પ્રવચનાંશ...શ્રી 'અધ્યાત્મ સુધા' ભાગ – ૧, પ્રવચન નં –૧૫ પાના નં.– ૨૦૭)


## વિનમ્ર અપીલ

"સ્વાનુભૂતિપ્રકાશ" માસિક પત્રિકા છેલ્લા ૨૫ વર્ષથી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની પ્રેરણાથી હિન્દી તથા ગુજરાતીમાં સૌને ભેંટ મોકલવામાં આવે છે. જેની પાછળ કોઈને કોઈ પાત્ર જીવના આત્મકલ્યાણની એકમાત્ર વિશાળ ભાવના નિહિત છે.

જો આ પત્રિકાનો આપને ત્યાં અથવા આપની આસપાસના સમુદાયમાં સદ્ઉપયોગ ન થઈ શકતો હોય અથવા સંભવિત અવિનય કે અશાતના થતી જણાય તો અમોને જાણ કરવા વિનંતી અથવા એડ્રેસ સહિત જે તે પત્રિકા અમોને પરત મોકલી આપવી કે જેથી કરી તે સરનામા ઉપર પત્રિકા મોકલવી બંધ કરી શકાય. ટ્રસ્ટની આ વ્યવસ્થામાં આપનો સહકાર અપેક્ષિત છે.

આભાર

સંપર્કઃ શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ નીરવ વોરા મોઃ ૯૮૨૫૦૫૨૯૧૩



# શ્રીમદ્ રાજચંદ્રજી કૃત 'આત્મસિદ્ધિશાસ્ત્ર' વિશે પૂજ્ય શ્રી કાનજીસ્વામીના ભાવવાહી હૃદયોદ્‌ગારો



ગુજરાતી ભાષામાં આત્મસિદ્ધિની અપૂર્વ રચના કરી છે. બધાના ઘરમાં આનો પ્રચાર થવો જોઈએ. જે કહેવાયું છે તે ઘણા જીવોને ઉપકારનું નિમિત્ત થાય એવું સરલ છે. ભાદરવા સુદી સાતમથી આનું વ્યાખ્યાન શરૂ કર્યું છે, તેને આજે ૭૨ દિવસ થયા છે. આમાં નિષ્પક્ષપાતપણે બધું કહેવાયું છે. લોકો મધ્યસ્થ થઈને વિચારપૂર્વક વારંવાર આનું ઘોલન કરે તો તેને આત્મખ્યાતિ (આત્મસિદ્ધિ) થયા વિના ન રહે. ઉત્તમ ભોજનથી ભરેલો થાળ મળે અને ભૂખ્યો રહે તે જીવ દુર્ભાગી છે. ઘણા પ્રકારે કહેવાયું છે. કુળધર્મનો આગ્રહ વગેરે ઘણાં વિરોધ ટાળીને અવિરોધ તત્ત્વને સમજવાની આ અપૂર્વ રચના બની છે. આમાં સહેલી ભાષામાં વિસ્તારથી ઘણું કહેવાયું છે. કોઈ ધર્મી પુણ્યવંત આત્માર્થી જીવોના ભાગ્ય માટે આ અપૂર્વ યોગ છે.

('આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચન' માંથી પૃષ્ઠ સંખ્યા- ૪૨૭)

શાસનનાયક અંતિમ તીર્થાધિનાથ શ્રી મહાવીરપ્રભુના નિર્વાણકલ્યાણકના
પાવન પ્રસંગે તેમના ચરણોમાં વંદન કરી, અનંત કાળની જન્મ-મરણની શ્રૃંખલાનો વ્યવચ્છેદ
કરવાની મંગલમય ભાવનાના દીપ પ્રગટાવી સ્વાનુભૂતિપ્રકાશ પરિવારની સર્વ પાઠકવર્ગને
દીપાવલીની શુભકામના!!







## મહાવીરના બોધને પાત્ર કોણ?

૧. સત્પુરુષના ચરણનો ઈચ્છક,
૨. સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી,
૩. ગુણ પર પ્રશસ્ત ભાવ રાખનાર,
૪. બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન,
૫. જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર,
૬. ઉપયોગથી એક પળ પણ ભરનાર,
૭. એકાંતવાસને વખાણનાર,
૮. તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી,
૯. આહાર, વિહાર, નિહારનો નિયમી,
૧૦. પોતાની ગુરુતા દબાવનાર,

એવો કોઈ પણ પુરુષ તે મહાવીરના બોધને પાત્ર છે, સમ્યક્‌દશાને પાત્ર છે. પહેલા જેવું એક્કે નથી.

('શ્રીમદ્‌ રાજચંદ્ર'ગ્રંથ પત્રાંક-૧૦૫)

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
**Title Code : GUJGUJ07425**
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

Printed Edition : **1296**
Visit us at : http://www.satshrut.org

mayur process 9374825041